## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**અમારો પક્ષ પણ કોમન-મીનીમમને સ્વીકારે છે... મુખ્યમંત્રીની આવકમાંતી કોમન ભાગ અને અમારી પાર્ટીના મીનીમમ દશ અપરાધી છોડાવવાના...!!!**

# જુનિયર ક્લાર્ક માટે જિલ્લામાં ૩૯,૧૮૦ પરીક્ષાર્થી

## જિલ્લામાં ૧૨૯ કેન્દ્રોના ૧૩૦૦થી વધુ બ્લોક્સમાં પરીક્ષા લેવાશે : તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ

ગાંધીનગર, તા. ૧૩

આગામી ૧૭મી નવેમ્બરના રોજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજાનાર કારકુન સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષામાં જિલ્લામાં ૩૯,૧૮૦ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે.

આ માટે જિલ્લામાં ૧૨૯ કેન્દ્રો પર વ્યવસ્થા કરવામાં આવી છે. જે ૧૨૯ કેન્દ્રો બનાવાયા છે તેમાં ૧૩૦૬ બ્લોકસમાં આ સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે. જિલ્લામાં ૧૨૯ પરીક્ષા કેન્દ્રો નિયત કરાયા છે તેમાં ગાંધીનગર શહેરના ૮૨, કલોલના ૧૯, દહેગામના ૬, મોટેરાના ૨, ચાંદખેડાના ૧૪ અને માણસાના ૬ કેન્દ્રોનો સમાવેશ થાય છે.

આ પરીક્ષાને લઈ આજે અધિક નિવાસી કલેક્ટર જાડેજા દ્વારા પરીક્ષા સાથે સંકળાયેલ કર્મયોગીઓને ખાસ તાલિમ પણ આપવામાં આવી છે.

જિલ્લામાં પરીક્ષાર્થીને પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં મુશ્કેલી ના પડે તે માટે જિલ્લા વહીવટીતંત્રએ એસ.ટી. નિગમને એક પત્ર લખી ગ્રામ્ય વિસ્તારની બસો તેના નિયત સમયે જ રહે તે જોવા અને મોનીટરીંગ કરવા માટે ખાસ પત્ર લખીને જાણ કરી છે.

આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં પરીક્ષા કેન્દ્રો આવેલા હોવાથી વીજ પુરવઠો પણ પરીક્ષાના સમય દરમ્યાન જળવાઈ રહે તે જોવા ટોરેન્ટ પાવર તેમજ યુજીવીસીએલને પણ પત્ર લખી જાણ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં પરીક્ષા માટે નિયત થયેલા પરીક્ષા કેન્દ્રો પૈકીની ૨૫ જેટલી શાળાઓમાં અંશતઃ જ સીસી કેમેરા લાગ્યા હોવાથી ત્યાં ખાસ તકેદારી અધિકારીઓ પરીક્ષાર્થીઓ પર નજર રાખવા માટે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓ પણ ગૌણ સેવા પસંદગી મંડળના પ્રતિનિધિ તરીકે ફરજો બજાવશે. જિલ્લાતંત્ર દ્વારા પરીક્ષાને લઈ પુરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવતા ઝેરોક્ષ સેન્ટરો પરીક્ષાના દિવસે બંધ રાખવા માટેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે. દરેક પરીક્ષા કેન્દ્ર પર પુરતો અને ચાંપતો પોલીસ બંદોબસ્ત પણ આ દિવસે રાખવામાં આવશે.

પરીક્ષાર્થીને પરીક્ષાના એક કલાક પહેલાં પરીક્ષા કેન્દ્રમાં જવા દેવામાં આવશે. પરીક્ષા બે કલાક માટે છે. આ પરીક્ષા દરમ્યાન કોઈપણ પરીક્ષાર્થી મોબાઈલ, કેલ્યુલેટર કે કોઈ પણ પ્રકારના વીજ ઉપકરણ લઈ જઈ શકશે નહિ.

### શહેરના એક પરીક્ષા કેન્દ્રમાં ફેરફાર

આગામી ૧૭મીએ યોજાનાર ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા કારકુન સંવર્ગની ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષામાં ગાંધીનગર જિલ્લાના એક પરીક્ષા કેન્દ્રમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ગાંધીનગર શહેરની અશ્વિનભાઈ પટેલ કોલેજ કેમ્પસના બદલે ગોપાલક સેવા કેન્દ્રના શૈક્ષણિક સંકુલમાં આ કેન્દ્ર ખસેડવામાં આવ્યુ છે. આજ દિવસે સી.એ.ની પરીક્ષા હોવાથી પરીક્ષા કેન્દ્રમાં આ ફેરફાર કરવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ માટે પરીક્ષાર્થીઓને જાણ કરવામાં આવી રહી હોવાનું પણ જાણવા મળેલ છે.



શીખોના પ્રથમ ગુરૂ નાનકદેવની ૫૫૦મી જન્મ જયંતિ પ્રસંગે વિશ્વભરના શીખ સમુદાયોએ ''પ્રકાશ પર્વ'' ઉજવ્યું છે. ગાંધીનગરમાં પણ મંગળવારે ગુરૂનાનક જયંતિએ શહેરના ગુરૂદ્વારામાં વિશેષ ભજન-કિર્તન સાથે દર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. અત્રે ફૂલોની રંગોળી દ્વારા ગુરૂનાનક દેવના ૫૫૦માં પ્રકાશ પર્વને સમર્પિત સજાવટ કરવામાં આવી હતી.

# ડાયાબિટીસના દર્દીઓની આંખને અંધાપાનો ખતરો : ડો તેજલ દલાલ

ગાંધીનગર તા ૧૩

આ અંગે ડો તેજલ દલાલે જણાંવ્યુ હતુ કે જે વ્યકિતને ડાયાબીટીસ હોય તેમને મોતિયો જામર થવાની શકયતા ઘણી વધારે જોવા મળતી હોય છે. જેના લીધે આંખનુ નિયમિત ચેકીંગ કરાવવુ અનિવાર્ય છે. લાંબા સમય સુધી લોહીમાં ગ્લુકોઝનુ ઉંચુ પ્રમાણ આંખમાં સુક્ષ્મ રક્તવાહિનીઓને નુકશાન પહોંચાડી શકે છે. અને તે ડાયાબિટીક રેટિનોપેથીના નામથી ઓળખાતી સ્થિતિ સર્જી શકે છે.



હકીકતમાં ડાયાબિટીક વ્યકિતઓ માટે અંધાપાનુ મોટુ કારણ છે.

● અનુસંધાન પાના ૭ પર

# કલોલમાંથી મેચ પર સટ્ટો રમાડતો શખ્સ ઝડપાયો

કલોલ પૂર્વ વિસ્તારમાં આવેલા બાપા સીતારામ મંદિર આગળ બેસી ભારત-બાંગ્લાદેશ વચ્ચે ચાલતી લાઈવ ટી-૨૦ ક્રિકેટ મેચ ઉપર ક્રિકેટ સટ્ટાની એપથી હાર-જીતનો જુગાર રમતા-રમાડતા સંજય દિલિપભાઈ પ્રજાપતિ (રહે. રઘુવીર સોસાયટી, રેલ્વે પૂર્વ તા. કલોલ, જિ. ગાંધીનગર)ને પકડી પાડી તેની પાસેથી ક્રિકેટ સટ્ટાનું આંક લખેલું સાહિત્ય, મોબાઈલ ફોન તેમજ રોકડા રૂ. ૨૫૦૦ મળી કુલ રૂ. ૩૫૦૦નો મુદ્દામાલ કબજે કરી એલસીબી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગરની વિવિધ બેંકમાં ૬૭ હજારની નકલી નોટ જમા થઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાની અલગ અલગ બેંકમાં બે વર્ષના સમયગાળામાં ૬૭ નકલી ચલણી નોટ જમા થઈ ગઈ છે. જેની કુલ કિં ૬૦,૦૦૦થી વધુ થાય છે. બનાવ અંગે ગાંધીનગર એસ.ઓ.જી.એ ફરિયાદી બની સે-૨૧ પોલીસ મથકમાં અર્થતંત્રને આર્થિક નુકશાન કરવાના હેતુથી નકલી નોટો કરતી કરવાનો ગુનો નોંધાયો છે. ગાંધીનગર, કલોલ, દહેગામ, એસ.બી.આઈ., આઈડીએફસી ફર્સ્ટ બેંક, બેંક ઓફ બરોડા, કોટક મહિન્દ્રા બેંક સહિતની વિવિધ બેંકમાં જાન્યુઆરી ૨૦૧૮થી ઓકટોબર ૨૦૧૯ વચ્ચે આ નકલી નોટો બેંકમાં ભરવામાં આવી છે. બેંકની ચકાસણી દરમિયાન બનાવટી નોટો હોવાનું જણાતા પ્રોસેસના ભાગરુપે બેંક મેનેજર્સ દ્વારા પત્ર સાથે જિલ્લા પોલીસને આ અંગે જાણ કરાઈ હતી. જેને પગલે એસઓજીએ આ ફરિયાદ નોંધાવીને તપાસ શરુ કરી છે. ડુપ્લીકેટ નોટોમાં રૂ. ૧૦૦ દરની ૧૦, રૂ. ૨૦૦ના દરની ૨, રૂ.૫૦૦ના દરની ૧૨ અને રૂ.૧૦૦૦ના દરની ૧૮ તેમજ રૂ. ૨૦૦૦ના દરની ૧૨ નોટ મળી કુલ ૬૭ હજારની નોટનો સમાવેશ થાય છે.

# 'પ્રારંભિક બાળ સંભાળ અને વિકાસ' વિષયે રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત દ્વિ-દિવસીય પરિસંવાદમાં રાષ્ટ્રીય કક્ષાના તજજ્ઞો બાળસંભાળ અને વિકાસ સંદર્ભે વિચારો પ્રસ્તુત કરશે

ગાંધીનગરના સેકટર-૨૦ સ્થિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના ગુજરાત પ્રાંત એકમ તથા રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ અને આયોગના સંયુકત ઉપક્રમે 'પ્રારંભિક બાળ સંભાળ અને વિકાસ' વિષયે દ્વિ-દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિસંવાદનું તા. ૨૨મી નવેમ્બરે સવારે ૯ કલાકે ગાંધીનગરના સેકટર-૯માં ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની ઉપસ્થિતિમાં ઉદઘાટન યોજાશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત દ્વિ-દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદના ઉદઘાટન સત્રમાં શિક્ષણ વિભાગના અગ્ર સચિવ અંજુ શર્મા ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રીય પરિસંવાદનું સમાપન તા. ૨૩મી નવેમ્બરે બપોરે ૩ કલાકે રાજયના રાજયકક્ષાના શિક્ષણમંત્રી વિભાવરીબેન દવે તથા નવી દિલ્હી ખાતેના વિદ્યાભારતી, અખિલ ભારતીય શિક્ષણ સંસ્થાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ દિલીપ બેનકેકરની ઉપસ્થિતિમાં યોજાશે. દ્વિ-દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદમાં રાષ્ટ્રીય મુકત વિદ્યાલયી સંસ્થાનના અધ્યક્ષ પ્રા. ચંદ્રભૂષણ શર્મા, શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના રાષ્ટ્રીય સચિવ અતુલભાઈ કોઠારી, સુરત ખાતેની વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ પ્રા. આર.જી. કોઠારી, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા સંસ્થાના સભ્ય સચિવ પ્રા. સચ્ચિદાનંદ જોષી, ગર્ભ શિક્ષણ કાર્યક્રમના ધ્યાન બાળ-ગર્ભ સંસ્કારના સંસ્થાપક ડૉ. કલ્યાણી નાયડુ, વિદ્યાભારતી અખિલ ભારતીય શિક્ષા સંસ્થાનના મંત્રી અવનીશ ભટનાગર તથા રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ પ્રિયંક કાનુનગો જેવા તજજ્ઞ વકતાઓ 'પ્રારંભિક બાળ સંભાળ અને વિકાસ' વિષયે તથા તેને સંલગ્ન પેટા વિષયો આધારિત વકતવ્યો પ્રસ્તુત કરશે. આ પરિસંવાદના પેટા વિષયોમાં બાળ વિકાસ અને મનોવિજ્ઞાન, બાળ આરોગ્ય અને પોષણ, પ્રારંભિક બાળપણમાં સમગ્ર વિકાસ, પ્રારંભિક શિક્ષણમાં નૈતિકતાની સમસ્યાઓ, ભાર વિનાનું ભણતર, મૂલ્યાંકનની નવીનતમ પ્રવિધિઓ સહિત બાળ સંભાળ તથા વિકાસને લગતા અનેક વિષયો પર સંશોધનપત્રો રજુ કરાશે. આ રાષ્ટ્રીય પરિસંવાદમાં ભાગ લેવા ઈચ્છનારે તા. ૧૮મી નવેમ્બર પહેલા સંશોધન પત્રો મોકલવાના છે જે માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઈટ પર તા. ૧૫મી નવેમ્બર પહેલા રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે અથવા ડૉ. નિશિતાબહેન બક્ષીનો મો. ૯૨૬૫૧ ૦૦૬૩૮૮ અથવા ડૉ. ક્રિસ્ટિના પરમારનો મો. ૯૦૯૯૯ ૫૭૩૦૯ પર સંપર્ક સાધી શકાશે. સમગ્ર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ પરિસંવાદના સંરક્ષક હર્ષદભાઈ શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

